# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા કોવિડ-૧૯ની મહામારીના અસાધારણ સંજોગોને ધ્યાને લઇ તા.૧૪/૦૨/૨૦૨૨ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે ઓનલાઇન મળનાર હતી, જે સભા શનિવાર, તા.૨૬/૦૨/૨૦૨૨નાં રોજ સવારે ૧૧-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. એચ.એ.પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક સભ્યનું નામ | તા.૨૬/૦૨/૨૦૨૨ |
|---|---|
| ૧. પ્રો. એચ. એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૨. ઉચ્ચ શિક્ષણકમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૩. ડાયેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. ડાયેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. શ્રી શ્વેતલભાઇ સુતરીયા | હાજર |
| ૬. શ્રી કૌશિકભાઈ જૈન | ગેરહાજર |
| ૭. શ્રી આશિષભાઇ અમીન | ગેરહાજર |
| ૮. શ્રી ધવલભાઇ રાવલ | હાજર |
| ૯. શ્રી શુધાંશુ ઝા | હાજર |
| ૧૦.શ્રી શકિતસિંહ ચાંચુ | હાજર |
| ૧૧.ડો. વનરાજસિંહ ચાવડા | હાજર |
| ૧૨.ડો. મયુરીબેન ભાટીયા | હાજર |

માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં આજ તા.૨૬/૨/૨૦૨૨ના રોજ મળેલ સીન્ડીકેટની સભામાં માનનીય ડૉ.જગદીશભાઇ ભાવસાર સાહેબના ઉપકુલપતિશ્રી તરીકેના યુનિવર્સિટીના કાર્યકાળ દરમ્યાન તેઓશ્રીની દીર્ઘ દ્રષ્ટિ, વિધ્યાર્થીલક્ષી સકારાત્મક અભિગમ, નાનામાં નાની બાબતોનું ચીવટપૂર્વક ધ્યાન રાખીને યુનિવર્સિટીના કેમ્પસને હરિયાળું બનાવવામાં સહિત યુનિવર્સિટીના સર્વાંગી વિકાસમાં નિષ્ઠાપૂર્વક આપેલ યોગદાનને તમામ સભ્યશ્રીઓએ સર્વાનુમતે બિરદાવીને ડો. ભાવસારનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ માન.કુલપતિશ્રી તથા કુલસચિવશ્રી દ્વારા સર્વાનુમતે માન.ઉપકુલપતિશ્રી ડૉ. જગદીશભાઇ ભાવસાર સાહેબના કાર્યકાળ દરમ્યાન યુનિવર્સિટીએ કરેલ પ્રગતિ જેમકે સ્ટેટ રેન્કીંગ, NIRF, GSIRF રેન્કીંગ સહિત વિવિધ આયામો મેળવવામાં આપેલ યોગદાન બદલ આભારની લાગણી વ્યકત કરવામાં આવી હતી.

બા.ક્ર.૧ ગુજરાત યુનિવર્સિટી ધારા કલમ ૫૦ તથા સ્ટે.૯૦ અનુસાર તા.૩૧-૦૩-૨૦૨૧ના રોજ પૂરા થતા વર્ષનો ૭૧મો વાર્ષિક અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત (નોંધઃ- ૭૧મો વાર્ષિક અહેવાલ આ સાથે **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ છે).

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૫૦ તથા સ્ટે.૯૦ અનુસાર તા.૩૧-૩-૨૦૨૦ના રોજ પુરાથતા વર્ષનો ૭૧મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવો અને આગામી કોર્ટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.**

બા.ક્ર.૨ તા.૦૮-૦૨-૨૦૨૨ના રોજની બોર્ડ ઓફ એકાઉન્ટસની ભલામણો પર વિચારણા કરી મંજુર કરવા બાબત (સમિતિની ભલામણો **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે).

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ એકાઉન્ટસની ઉપરોકત સભાની ભલામણો મંજુર કરી આગામી કોર્ટની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

બા.ક્ર.૩ Women Development Cell (WDC) - Internal Complaint Committee (ICC) એ ICC ના પૂન: ગઠન, ગુજરાત યુનિવર્સિટી ઓર્ડિનન્સ ૨૦૧૪માં સુધારો તેમજ Cyber harassment માં સંડોવાયેલ સ્ટાફ કે બોનાફાઇડ વિદ્યાર્થી સામે ગુજરાત યુનિવર્સિટીના નીતિ-નિયમાનુસાર કાયદા પ્રમાણે કડક શિક્ષાત્મક પગલાં ભરવા અંગે કરેલ ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત

**ઠરાવ: આથી ઠરાવવામાં આવે છે કે WDC - ICC એ કરેલ ઉપરોકત ભલામણોનો સ્વીકાર કરવાનું રાખવું.**

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુલસચિવ

નં.એકેડેમિક/ 16026 /૨૦૨૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ, તા.૧૨-૦૪-૨૦૨૨